જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૧/૨૦૧૫ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૯૫/૧૫**

## અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર રીતે આવેલ ૪ બાંગ્લાદેશી નાગરીકોને ઝબ્બે કરતી એસઓજી ક્રાઇમ

મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એસઓજી ક્રાઇમના પોસઇ શ્રી સી.બી.ગામીત તથા પો.સ.ઇ.શ્રી એ.કે.વડીયા તથા પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સોલા બ્રીજ પાસે આવતા ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે "સોલા બ્રીજ પાસે આવેલ ડમ્પીંગ સ્ટેશન પાસેના ખુલ્લા મેદાનમાં કેટલાક બાંગ્લાદેશી નાગરિકો છે અને ભારતના વિઝા વગર ગેરકાયદેસર રીતે બોર્ડર પાર કરી ભારતમાં પ્રવેશ કરી અત્રે આવેલ છે" જે બાતમી હકીકત આધારે હકીકતવાળી જગ્યાએ જઇ તપાસ કરતાં કુલ્લે ૪ ઇસમો મળી આવેલ. જે ઇસમોને પકડીને ઉંડાણપુર્વક પુછપરછ કરતાં તેઓ પાસે ભારતીય નાગરિક તરીકેનો આધાર પુરાવાઓ નહી હોવાનું જણાવતાં અને તેઓ ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી અહીયાં આવેલ હોવાનું જણાવતાં બાંગ્લાદેશી નાગરિક નં.(૧) મોહમદ મઝરુલ અબ્દુલજલીલ શેખ ઉવ.૨૫ ધંધો:છુટક મજુરી રહે, પાવાપુરી સોસાયટી, ઘાટલોડીયા, અમદાવાદ શહેર મુળ વતન ગામ:લશ્કરપુરા થાના: તેરોખાદા જી. ખુલના, બાંગ્લાદેશ તથા નં.(૨) કાજલ સલામ જમાદાર ઉવ.૩૨ ધંધો:છુટક મજુરી રહે, હિરાબાગ સોસાયટી, વિષ્ણુભાઇના મકાનમાં, ઘાટલોડીયા, અમદાવાદ શહેર મુળ વતન ગામ:પેરોલી પોસ્ટ: પેરોલીબજાર થાના:કાલીયા જી. નોડાઇલ બાંગ્લાદેશ તથા નં.(૩) મુકામ ઉર્ફે મુફીઝુલ s/o મકસુદ મોડોલ ઉવ.૩૬ ધંધો:છુટક મજુરી રહે, નોબલનગર પોલીસ ચોકીની પાસે ચાલીમાં, સરદારનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ:જોસોર થાના: મુનીરામપુર પોસ્ટ:ઝાંપા જી. જોસોર બાંગ્લાદેશ તથા નં.(૪) લકસીન જીન્નત શેખ ઉવ.૩૪ ધંધો:છુટક મજુરી રહે, પાવાપુરીની બાજુમાં, ઘાટલોડીયા ગામ, અમદાવાદ શહેર મુળ વતન ગામ:ગાજીરહાટ થાના: જુંગાશીયા પોસ્ટ:જુંગાસીયા જી. ખુલના, બાંગ્લાદેશ નાઓ બાંગ્લાદેશી નાગરિકો હોય જેઓને સોલા બ્રીજ પાસે આવેલ ડમ્પીંગ સ્ટેશન પાસેના ખુલ્લા મેદાન ખાતેથી તા.૨૭/૧૧/૨૦૧૫ ના કલાક વાગે પકડી ડિટેઇન કરવામાં આવેલ છે. સદરી ઇસમો કોઇ ગુન્હાહીત પ્રવુતી સાથે સંકળાયેલ છે કે કેમ? તે દિશામાં તપાસ ચાલું છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## વિશ્વાસઘાત છેતરપીંડી ના ગુન્હામાં નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ પોલીસ.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રેન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી વી.એચ.જાડેજા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી, દરમ્યાન હેડ કોન્સ. જયેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા હેડ.કોન્સ ધર્મેન્દ્રસિંહ ભગવતસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીક્ત આધારે આશ્રમરોડ સિલ્પ-૨ બિલ્ડીંગ પાસે આરોપી જર્યોજ મણીલાલ ક્રિશ્ચિયન રહે, મ.નં.૧૪ કનાન સોસાયટી લાલભાઇ સેન્ટર પાસે મણીનગર ઇસ્ટ, અમદાવાદ શહેર નાને પકડી તેની પુછપરછ કરતા પોતે ખોખરા પો.સ્ટે.ના એમ.કેસ..નં. ૧/૧૫ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦,૧૧૪ મુજબના કેસમાં પોતાની ધરપકડ ટાળવા સારુ નાસતો ફરે છે. જેથી આરોપીને આજરોજ તા.૨૭/૧૧/૧૫ ના કલાક ૧૯/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ અટક કરવામાં આવેલ છે અને વધુ તપાસ અર્થે આરોપીને ખોખરા પો.સ્ટે. તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)